કવિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org
વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટ્સ/૦૨જી જાન્યુઆરી/૨૦૨૧/૨૮-૩૮ તા:૪/૧/૨૦૨૧

પ્રતિ,
તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય : તા.૦૨/૦૧/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટ્સ નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા:૦૨/૦૧/૨૦૨૧ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

૪-૧-૨૧

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

બિડાણ:- મીનીટ્સ નોંધ.

નકલ સવિનય રવાના:- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા. ૦૨જી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ બપોરે ૧:૦૦ કલાકે ઝૂમ એપ્લિકેશન મારફતે ઓનલાઇન મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ:

આજ રોજ તા. ૦૨જી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ બપોરે ૧:૦૦ કલાકે ઝૂમ એપ્લિકેશન મારફતે ઓનલાઇન મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ સભામાં નીચે મુજબના એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| પ્રો.(ડો.) જયરાજસિંહ.ડી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) પી.એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.કાશ્મીરા પી.મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર-કચ્છ.. | સભ્યશ્રી | હાજર |
| ડો. પરેશ રાવલ<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| પ્રો.(ડો.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. આર.વી.બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | - |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | - |
| ડો. મનીષ પંડયા<br>કાર્યકારી કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |



Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

## –મુદાઓ –

૧. ગત તા.૨૪/૧૧/૨૦૨૦ તથા તા:૨૧/૧૨/૨૦૨૦ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી.

**ઠરાવ:– ૧.** ગત તા.૨૪/૧૧/૨૦૨૦ તથા તા:૨૧/૧૨/૨૦૨૦ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભાની મિનિટ્સ નોંધનું વાંચન બાદ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨. તા:૧૧/૦૯/૨૦૨૦ અને તા:૦૯/૧૨/૨૦૨૦ના રોજ યોજાયેલ ખરીદ, નાણા અને બિલ્ડિંગ સમિતિની જોઇન્ટ મિટિંગની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલ.

**ઠરાવ:– ૨.** તા:૧૧/૦૯/૨૦૨૦ અને તા:૦૯/૧૨/૨૦૨૦ના રોજ યોજાયેલ ખરીદ, નાણા અને બિલ્ડિંગ સમિતિની જોઇન્ટ મિટિંગની મિનિટ્સ નોંધનું વાંચન બાદ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. નવી બાબતમાં સરકાર દ્વારા યુનિવર્સિટીમાં ઓડિટોરિયમ બનાવવા માટે ૬ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે ૨ કરોડનો પ્રથમ હપ્તો યુનિવર્સિટીને મળેલ છે જેની આગળની પ્રક્રિયા કરવા બાબત.

**ઠરાવ:– ૩.** નવી બાબતમાં સરકાર દ્વારા યુનિવર્સિટીમાં ઓડિટોરિયમ બનાવવા માટે ૬ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે ૨ કરોડનો પ્રથમ હપ્તો યુનિવર્સિટીને મળેલ છે જેના અનુસંધાને કન્સલ્ટન્ટ પાસેથી પ્લાન એસ્ટીમેન્ટ તૈયાર કરાવી નિયમાનુંસારની પ્રક્રિયા કરી ઓડિટોરિયમ બનાવવા માટે આગળની પ્રક્રિયા કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદ્દાઓ..**

૪. પરીક્ષાના દર સુધારા અંગે.

**ઠરાવ:– ૪.** પરીક્ષાના દર સુધારા અન્વયે ડો.જી.એ.બક્ષીની અધ્યક્ષતાવાળી સમિતિની અવધિ પૂર્ણ થઇ ગયેલ હોઇ અને રીપોર્ટ આપેલ ન હોતા સમિતિની પુનઃ રચના કરવાની થાય છે. આ સમિતિની પુનઃરચના કરવાની સત્તા માન.કુલપતિશ્રીને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. પદવીદાન સમારંભ યોજવા બાબત.

**ઠરાવ:– ૫.** પદવીદાન સમારંભ યોજવા અન્વયે મહામહિમ કુલાધિપતિશ્રી પાસે પદવીદાન સમારંભ માટે તારીખ માંગવી અને જે તારીખ ફાળવે તે તારીખે ઓનલાઇન ઇ–કોન્વોકેશન ગોઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

૬. પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા અંગે.

ઠરાવઃ— ૬. આગામી લેવાનારી જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૨૧ની યુનિવર્સિટી પરીક્ષામાં વિદ્યાર્થીઓ દ્વારા આચરવામાં આવતી ગેરરીતિ માટે પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવાની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭. યુનિવર્સિટી દ્વારા કોરોના કવચ અન્વયે લેવાયેલ વીમાની રકમ અને ચુકવણાને બહાલી આપવા બાબત.

ઠરાવઃ— ૭. યુનિવર્સિટી દ્વારા કોરોનાની વિકટ પરીસ્થિતિને ધ્યાને લઇ યુનિવર્સિટીના તમામ કર્મચારીશ્રીઓ કોરોના કાળમાં યોજાયેલ પરીક્ષામાં રોકાયેલ સંલગ્ન કોલેજોના સ્ટાફ તથા વિદ્યાર્થીને કોરોના કવચરૂપે સરકારશ્રીની વીમા કંપની 'યુનિટેડ ઇન્ડિયા ઇન્સુરન્સ કંપની લિમિટેડ' માંથી તમામનો વીમો ઉતારવામાં આવેલ. જે વીમાની પોલિસીના ખર્ચ પેટે રૂા.૧૨,૧૩,૪૪૯/– અંકે બાર લાખ તેર હજાર ચાર સો ઓગણપચાસ પુરા રકમ ખર્ચ થયેલ જેના ચુકવણાને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.

૮. મેડિકલની પરીક્ષા માટે આવતા પરીક્ષકોના રોકાણ અન્વયે હોટેલના દર નક્કી કરવા બાબત.

ઠરાવઃ— ૮. મેડિકલની પરીક્ષા માટે આવતા પરીક્ષકોના રોકાણ અન્વયે હોટેલના દર હાલના વર્તમાન દર યથાવત રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતા અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓનો આભાર માની સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

૫-૧-૨૧

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ— માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

Shyamji Krishna Verma Kachchh University
BHUJ - Kachchh
370001